FILE NO.FRC/PRO./2025-26/JMN/JMN/405 DT 26/12/2025

ફી નિયમન સમિતિ,રાજકોટ ઝોન,રાજકોટ,પ્રિન્સિપાલ બંગલો,એ.વી.પી.ટી.આઇ.- સ્ટાફ ક્વાટર્સ કેમ્પસ,

હેમુગઢવી હોલ પાછળ,ટાગોર રોડ,રાજકોટ-360 001

ઈ-મેઈલ-frcrajkotzone@gmail.com

શ્રી પ્રણામિ ગ્લોબલ સ્કૂલ,
હીરજી મિસ્રી રોડ, રણજીતનગર,
જામનગર-૩૬૧૦૦૫

24100710525

FEE REGULATORY COMMITTEE GOVT. OF GUJARAT RAJKOT ZONE

## ગુજરાત સ્વનિર્ભર શાળા (ફી નિયમન) નિયમો 2017 અન્વયે ફી નક્કી કરતો હુકમ

વંચાણે લીધું:-

(1) નમુના ૨ માં શ્રી નિજાનંદ શિક્ષણ સંસ્થાન સંચાલિત શ્રી પ્રણામિ ગ્લોબલ સ્કૂલ દરખાસ્ત સાથે નીચે પ્રમાણે રજુ કરેલ વિગતો

1. શાળાને લગતી સામાન્ય માહિતી
2. વિદ્યાર્થી-શિક્ષકો-વર્ગોની સંખ્યા,
3. ઇન્ફ્રાસ્ટ્રક્ચર,
4. નાણાકીય માહિતી
5. શાળામાં ચાલતી વિવિધ પ્રકારની પ્રવૃત્તિઓની માહિતી
6. શાળા મંજૂરી હુકમ તેમજ પૂર્વ પ્રાથમિક તથા ધોરણ 1-10 ના વર્ગ મંજૂરીના હુકમો
7. વર્ષ 22-23, 23-24 નાં ઓડિટ રિપોર્ટ
8. ફી નિયમન સમિતિનો વર્ષ 2022-23, 2023-24 તથા 2024-25 નો ફી નિર્ધારણ હુકમ.
9. ટ્રસ્ટ નોંધણીનો દાખલો તથા બંધારણ
10. તા.23/12/2025 ના રૂબરૂ સુનાવણી દરમ્યાન કરેલી રજૂઆતો ધ્યાને લીધી, તથા શાળાના અગામી વર્ષમાં વિકાસ માટે જરૂરી ભંડોળ ધ્યાને લીધેલ છે.
11. તા.22/09/2025 ના જા.નં.158 વચગાળાનો ફી નિર્ધારીત કરતો હુકમ વંચાણે લીધો.

NO.FRC/PRO./2025-26/JMN/JMN/405 DT 26/12/2025

## આખરી હુકમ

1. શ્રી નિજાનંદ શિક્ષણ સંસ્થાન સંચાલિત શ્રી પ્રણામિ ગ્લોબલ સ્કૂલ માં પૂર્વ પ્રાથમિક/ પ્રાથમિક/માધ્યમિક વિભાગના વર્ગો ચાલે છે. જેની વર્ષ 25-26, 26-27, 27-28 ની ફી નિર્ધારિત કરવા માટે શાળાએ ગુજરાત સ્વનિર્ભર શાળા (ફી નિયમન) નિયમો 2017 ના નિયમ 6 હેઠળ દરખાસ્ત રજૂ કરેલ હતી. સદર હુકમથી દરખાસ્તનો નિર્ણય કરવામાં આવે છે.

2. ગુજરાત સ્વ-નિર્ભર શાળા (ફી નિયમન) અધિનિયમ ૨૦૧૭ ની કલમ ૧૦ માં દર્શાવેલ ફી નિર્ધારણ માટેના પરિબળોને ધ્યાને રાખી સંચાલકશ્રીએ રજૂ કરેલ પુરાવા અને દસ્તાવેજોના આધારે ફી નિર્ધારણની દરખાસ્ત ચકાસેલ અને તેના પર વિચારણા કરવામાં આવી હતી.

3. સ્વ-નિર્ભર શાળાના સંચાલકશ્રીને સાંભળ્યા. શાળાએ વર્ષ ૨૩-૨૪ ના ઓડિટ રીપોર્ટ રજૂ કર્યા હતા, જેને ધ્યાને લેવામાં આવ્યા.

### સુચિત ફી

| ધોરણ | માધ્યમ | વર્ષ 25-26 | વર્ષ 26-27 | વર્ષ 27-28 |
|---|---|---|---|---|
| NURSERY | ENG | 19800 | 22770 | 26185 |
| LKG/HKG | ENG | 32220 | 37053 | 42610 |
| 1-5 | ENG | 49536 | 56966 | 65510 |
| 6-8 | ENG | 53232 | 61216 | 70398 |
| 9-10 | ENG | 62016 | 71318 | 82015 |

4. વર્ષ 2024-25ની મંજુર ફી નીચે પ્રમાણે છે.

### વર્ષ 24-25 ની મંજુર ફી

| ધોરણ | માધ્યમ | વર્ષ 24-25 |
|---|---|---|
| NURSERY | ENG | 16500 |
| LKG/HKG | ENG | 26850 |
| 1-5 | ENG | 41280 |
| 6-8 | ENG | 44360 |
| 9-10 | ENG | 51680 |

FEE REGULATORY COMMITTEE GOVT. OF GUJARAT RAJKOT ZONE

આ કમિટીએ તા.22/09/2025 ના વચગાળાના હુકકમાં નીચે મુજબ ફી મંજૂર કરેલ હતી.

| ધોરણ | માધ્યમ | વર્ષ 25-26 | વર્ષ 26-27 | વર્ષ 27-28 |
|---|---|---|---|---|
| NURSERY | ENG | 17000 | 17500 | 18000 |
| LKG/HKG | ENG | 27700 | 28500 | 29400 |
| 1-5 | ENG | 42500 | 43800 | 45100 |
| 6-8 | ENG | 45700 | 47100 | 48500 |
| 9-10 | ENG | 53200 | 54800 | 56400 |

6. શાળા તરફથી વચગાળાના હુકમ સામે તા.07/12/2025 ના રોજ વાંધા અરજીકરેલ, ત્યારબાદ તા.23/12/2025 ના રોજ શાળાના પ્રતિનિધિ રૂબરૂ હાજર રહી સુનાવણી દરમ્યાન વર્ષ ૨૦૨૫-૨૬ થી ૨૦૨૭-૨૮ ના વર્ષ માટેની રજુઆતો સાંભળતા તેઓએ એવી રજુઆતો કરેલ છે. કે તેઓ શાળા વિકાસના કાર્યો અને ભૌતિક સુવિધાઓ વધારવા માંગે છે, તે અંગે જરૂરી આધારો રજુ કરેલ છે. જે ધ્યાને લીધેલ છે. સુનાવણી દરમ્યાન તેઓએ નીચે મુજબની ફી લેવા સહમત છીએ. તેવી લેખીતમાં સહમતી આપેલ છે. જે અન્વયે ગુજરાત સ્વનિર્ભર શાળા નિયમો 2017 ના નિયમ ૭ ના પેટા નિયમો ૩ અને ૪ સાથે વાંચતા સદરૂ અધિનિયમની કલમ 10 મળેલી સત્તાની રુએ તેમજ કલમ 5(2) અન્વયે નીચે મુજબની ફી મંજૂર કરવામાં આવે છે.

નામદાર ગુજરાત હાઈકોર્ટે શ્રેયસ સ્કુલ અને બીજાનાઓ ચુકાદામાં તથા નામદાર સુપ્રિમ કોર્ટે સ્પેશ્યલ લીવ પીટીશન (સીવીલ)ડાયરી નં.૧૭૮૦૨/૨૫ ના તા. ૨૯/૦૭/૨૦૨૫ ના ચુકાદાઓ તેમજ નામદાર સુપ્રીમ કોર્ટના સ્પેશ્યલ લીવ ટુ અપીલ નં. ૩૧૪/૨૦૧૮ ના ચુકાદામાં આપેલ માર્ગદર્શન સ્કુલની ફી વધારવા ચોકકસ ફેસેલીટી અથવા તો ચોકકસ ગુણવતા સભર શૈક્ષણિક હેતુ માટે ડેવલપમેન્ટ કરે તે અંગેનો ફી વધારાનો નિર્ણય કરતી વખતે ધ્યાને લઈ શકાય તે તમામ સંજોગોમાં ધ્યાને લઈ નીચે મુજબ આખરી હુકમ કરવામાં આવે છે.

FEE REGULATORY COMMITTEE
GOVT. OF GUJARAT
सत्यमेव जयते
RAJKOT ZONE

NO.FRC/PRO./2025-26/JMN/JMN/405 DT 26/12/2025

પૂર્વ પ્રાથમિક/પ્રાથમિક/માધ્યમિક વિભાગ માટેની મંજૂર ફી

| ધોરણ | માધ્યમ | વર્ષ 25-26 | વર્ષ 26-27 | વર્ષ 27-28 |
|---|---|---|---|---|
| NURSERY | ENG | 17000 | 18300 | 19600 |
| LKG/HKG | ENG | 27700 | 29800 | 32000 |
| 1-5 | ENG | 42500 | 45700 | 49100 |
| 6-8 | ENG | 45700 | 49100 | 52800 |
| 9-10 | ENG | 53200 | 57200 | 61500 |

FEE REGULATORY COMMITTEE GOVT. OF GUJARAT RAJKOT ZONE

7. ઉપરોકત નક્કી કરેલી ફી ગુજરાત સ્વ-નિર્ભર શાળાઓ (ફી નિયમન) અધિનિયમન, સને 2017 ની કલમ–2 (જી) અન્વયે નક્કી કરેલી ફી છે.

8. હુકમમાં દર્શાવ્યા મુજબ નિયત કરેલ ફી શાળાએ લીધી છે, તે સબબનુ એફિડેવિટ દિન - 30 માં અત્રે રજુ કરવાનું રહેશે, તેમજ વધુ વસુલેલ ફી જે વિદ્યાર્થીઓનો અભ્યાસ આગળના વર્ષે ચાલુ રહેલ હોય તેની ત્યાર પછીની મળવાપાત્ર ફી ની સામે મજરે આપેલ છે અને જે વિદ્યાર્થી શાળા છોડી ગયેલ છે તે વિદ્યાર્થી/વાલીને બેન્કિંગ ચેનલથી વધુ વસૂલેલી ફી રિફંડ કરેલ છે તે સબબનુ સોગંદનામું આ હુકમ મળે તેનાં દિન – 30 માં રજુ કરવાનું રહેશે.

ઉપર મુજબની ફી મજરે આપવાના કિસ્સામાં ક્યા વર્ષ ની વસુલવા પાત્ર ફીની સામે કેટલી રકમ મજરે આપી તે અને શાળા છોડી ગયાનાં કિસ્સામાં રિફંડપાત્ર રકમ, ચેક/ આર.ટી.જી.એસ./ ડી. ડી. નંબર, રકમ બેંકમાંથી ઉપડ્યાની તારીખ આ તમામ વિગતો દરેક વિદ્યાર્થી ના નામ જોગ સી.એ. દ્વારા પ્રમાણિત સ્ટેટમેન્ટ ના સ્વરૂપે રજૂ કરવાની રહેશે અને આ સંપૂર્ણ રકમ ત્યાર પછીના વર્ષના હિસાબોમાં “વસૂલેલી ફી રિફંડ ખાતુ” એવા હેડમાં અલગથી દર્શાવવાનું રહેશે.

આગામી વર્ષમાં આ કચેરીમાં રજૂ કરતી વખતે ઉપર મુજબનું સોગંદનામું અને સી.એ. નું સર્ટીફીકેટ અચૂક રજૂ કરવાનું રહેશે.

9. અત્રેની સમિતિ દ્વારા નિર્ધારિત કરેલ સદર ફી ની વિગતો શાળા દ્વારા ગુજરાતી તથા અંગ્રેજી માધ્યમ એમ બંને ભાષામાં નોટિસ બોર્ડ પર સહેલાઈથી જોઈ શકાય તેવી રીતે તથા શાળાના વેબસાઇટ પર પ્રદર્શિત કરવાની રહેશે.

10. શાળા એક સાથે માત્ર એક સત્રની ફી લઇ શકશે તેનાથી વધુ ફી લેવામાં આવશે તો સ્વનિર્ભર શાળાએ ફી નિયમન અધિનિયમ-2017 ની જોગવાઈ અનુસાર કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

11. નિયત કરેલ ફી સંબંધે સ્પષ્ટતા કરવાની કે આ ફી નામદાર સુપ્રીમ કોર્ટના હુકમને આધિન રહેશે.

12. આ હુકમ થી જો તમે નારાજ હોય તો હુકમ મળ્યાના દિવસ 21 માં ફી રિવિઝન કમિટી, બ્લોક-1, વિંગ બી-1, છઠો માળ, કર્મયોગી ભવન, સેક્ટર – 10 ગાંધીનગર ખાતે ફોર્મ નં. 5 માં જરૂરી આધારો સાથે રૂ.10000 પ્રોસેસ ફી ભર્યાનું અસલ ચલણ જોડી રિવિઝન કરી શકાશે.

-Sd-
N.B.PITHVA
CHAIRMAN
FRC-Rajkot.

FEE REGULATORY COMMITTEE
GOVT. OF GUJARAT
RAJKOT ZONE

Certified Copy
By order for/
On behalf of
FRC-Rajkot.

V.J.Babariya
Education Inspector
FRC-Rajkot.

નકલ રવાના : મારફત તથા જાણ અને અમલ સારૂ

૧.સંયોજક અને જિલ્લા શિક્ષણાધિકારીશ્રી-ફી નિયમન સમિતિ, રાજકોટ ઝોન, રાજકોટ.

૨. સંબંધિત જિલ્લા શિક્ષણાધિકારીશ્રી અને જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી,

૩. ઓફિસ કોપી-ફી નિયમન સમિતિ, રાજકોટ ઝોન, રાજકોટ.